# રેજ મેળવો:
# આરોગ્ય વીમો માર્કેટપ્લેસ વિશે જાણવા જેવી બાબતો

- **જો તમારી પાસે આરોગ્ય વીમો ન હોય, તો Health Insurance Marketplace® (હેલ્થ ઈન્સ્યોરન્સ માર્કેટપ્લેસ) તમને તમારી જરૂરિયાતો અને બજેટને અનુરૂપ કવરેજ શોધવામાં મદદ કરી શકે છે. જ્યારે તમે માર્કેટપ્લેસ એપ્લિકેશન પૂર્ણ કરો છો, ત્યારે અમે તમને જણાવીશું કે તમે આ માટે પાત્ર છો કે નહીં:**

  - **ખાનગી વીમા યોજનાઓ.** તમે તમારા ઘરના કદ અને આવકના આધારે બચત માટે પાત્ર બની શકો છો. જો તમે બચત માટે પાત્ર નથી, તો પણ તમે માર્કેટપ્લેસ કવરેજ ખરીદી શકો છો. યોજનાઓ આવશ્યક સ્વાસ્થ્ય લાભો, પૂર્વ-અસ્તિત્વમાં રહેલી પરિસ્થિતિઓ અને નિવારક સંભાળને આવરી લે છે. તમે સામાન્ય રીતે વાર્ષિક ઓપન એનરોલમેન્ટ પીરિયડ દરમિયાન આમાંના એક પ્લાનમાં જ નોંધણી કરાવી શકો છો, સિવાય કે તમે જીવનની કોઈ ઘટના (જેમ કે અન્ય કવરેજ ગુમાવવા, લગ્ન કરવા, સ્થળાંતર કરવા અથવા બાળક ધરાવવા)ને કારણે વિશેષ નોંધણી સમયગાળા માટે પાત્ર ન હો.

  - **Medicaid અથવા ચિલ્ડ્રન હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રોગ્રામ (Children's Health Insurance Program,CHIP).** આ કાર્યક્રમો મર્યાદિત આવક, વિકલાંગતા અને અન્ય સંજોગો ધરાવતા લોકોને આવરી લે છે. જો એવું લાગે છે કે તમે પાત્ર છો, તો અમે તમારી માહિતી તમારી રાજ્ય એજન્સીને મોકલીશું અને તેઓ તમારો સંપર્ક કરશે. તમે કોઈપણ સમયે Medicaid અને CHIP માટે અરજી કરી શકો છો.

- **માર્કેટપ્લેસ કવરેજ માટે કેવી રીતે અરજી કરવી તે વિશે વધુ જાણવા HealthCare.gov ની મુલાકાત લો. કેટલાક રાજ્યો પોતાનું માર્કેટપ્લેસ ચલાવે છે.** અન્ય રાજ્યોમાં, માર્કેટપ્લેસ સંઘીય સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. તમે ક્યાં રહો છો તે ધ્યાનમાં લીધા વિના, તમે તમારા આગામી પગલાં HealthCare.gov અહીં શોધી શકો છો.

- **જો તમે નોકરી-આધારિત વીમા માટે પાત્ર છો, તો તમે માર્કેટપ્લેસ પ્લાનમાં જવાનો વિચારી શકો છો.** પરંતુ તમે એક જ સમયે બચત સાથે નોકરી-આધારિત પ્લાન અને માર્કેટપ્લેસ પ્લાનમાં નોંધણી કરાવી શકતા નથી. જો તમે નોકરી-આધારિત યોજનામાં નોંધણી કરાવેલ નથી પરંતુ તમારા નોકરીદાતા તમને આ ઓફર કરે છે, તો તમે તમારી આવકના આધારે બચત માટે પાત્ર બનશો નહીં સિવાય કે નોકરી-આધારિત યોજના પોસાય તેવી ન હોય અથવા લઘુત્તમ આવશ્યકતાઓને પૂર્ણ કરતી ન હોય.

- **જો તમે જીવનમાં અમુક ઘટનાઓનો અનુભવ કરો છો (જેમ કે નવા રાજ્યમાં જવું, લગ્ન કરવા, બાળક થવા, અથવા આરોગ્ય કવરેજ ગુમાવવું), તો તમે ઓપન એનરોલમેન્ટની બહાર તમારા માર્કેટપ્લેસ પ્લાનમાં નોંધણી કરવા અથવા તેને બદલવા માટે સ્પેશિયલ એનરોલમેન્ટ પીરિયડ માટે પાત્ર બની શકો છો.** તમે કોઈપણ સમયે Medicaid અને CHIP માટે અરજી કરી શકો છો. માર્કેટપ્લેસ તમને પાત્ર બનાવતી ઘટનાઓની પુષ્ટિ કરવા માટે તમને દસ્તાવેજો સબમિટ કરવાનું કહી શકે છે. તમે તમારા કવરેજનો ઉપયોગ કરવાનું શરૂ કરો તે પહેલાં તમારે દસ્તાવેજોની નકલો મોકલવી આવશ્યક છે.

તમારી પાસે માર્કેટપ્લેસ ની માહિતી સુલભ ફોર્મેટમાં મેળવવાનો અધિકાર છે, જેમ કે મોટી પ્રિન્ટ, બ્રેઇલ અથવા ઑડિયો.
જો તમને લાગે કે તમારી સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે તો તમને ફરિયાદ નોંધાવવાનો પણ અધિકાર છે.
મુલાકાત લો **CMS.gov/about-cms/agency-information/aboutwebsite/cmsnondiscriminationnotice.html,**
અથવા વધુ માહિતી માટે માર્કેટપ્લેસ કોલ સેન્ટરને 1-800-318-2596 પર કૉલ કરો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.


**Health Insurance Marketplace**

CMS Product No. 11749-GU (Gujarati)
Revised July 2021

આ પ્રોડક્ટ U.S. કરદાતાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી.


Health Insurance Marketplace® (હેલ્થ ઈન્સ્યોરન્સ માર્કેટપ્લેસ) એ યુ.એસ. આરોગ્ય અને માનવ સેવા વિભાગ (U.S. Department of Health & Human Services) નો નોંધણી કરાવેલું સર્વિસ ચિહ્ન છે.


HealthCare.gov